वर्ष : १७ सने : २०२१ सं.२०७७

अंक : ११, સળંગ અંક-१०७ वैशाख-मे

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૭ સને ૨૦૨૧ સં.૨૦૭૭
અંક : ૧૧ વૈશાખ મે સળંગ અંક-૧૦૭

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**
૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,
જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ અહો નવકાર !!! - ૨
★ પ્રશ્નોત્તરસુધા
★ જગતપિતા જગડૂશા - ૩
★ ઉન્માર્ગનો પરિત્યાગ...૨
★ પત્ર પરિચય


## આર્ષવાણી

**सीदन्ति सन्तो विलसन्त्यसन्तः,**
**पुत्राः प्रियन्ते जनकश्चिरायुः ।**
**परेषु तोषः स्वजनेषु रोषः,**
**पश्यन्तु लोकाः कलिकेलितानि ।।**

કાલિકાલનો પ્રભાવ જુઓ, જેમાં સજ્જનો સિદાય છે, દુર્જનો લહેર કરે છે. પુત્રો મરી જાય છે, પિતા લાંબું જીવે છે. પારકા ઉપર લોકો ખુશ છે, સ્વજનો ઉપર તેમને રોષ છે !

ધૂર્ત માણસથી ઠગાયેલા લોકો સાચા સાધુનો વિશ્વાસ કરતા નથી, જેમ ગરમ દૂધથી દાઝેલા જીવો ઠંડી છાશ પણ ફૂંકીને પીવે છે.





**આલેખનઃ પૂ. આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

**શ્રીનમસ્કાર મહામંત્ર એટલે...**

અનાદિકાલથી ચાલ્યો આવતો શાશ્વત મંત્ર !
તમામ તીર્થંકર ભગવંતોનાં શ્રીમુખે ઉચ્ચારાતો મંત્રાધિરાજ !
વિશ્વના સર્વશ્રેષ્ઠ ગુણવાન પરમેષ્ઠી ભગવંતોને સ્થાન આપતો મહામંત્ર !
જગતના તમામ મંત્રોના ઉત્પત્તિસ્થાન સમો સર્વશ્રેષ્ઠ મંત્ર !
સદાકાળ માટે વિજયી અને વિજય અપાવતો મંત્ર - ચક્રવર્તી !
શ્રદ્ધાસંપન્ન જીવો પર અમૃત વરસાવતો અનાદિ કાલીન મંત્ર !
ભક્તિથી સ્મરણ - ઉપાસના કરનારને પોતાનામાં સમાવી લેતો જગત્મંત્ર !
દ્રવ્ય - મંગલોથી આભ - ઊંચા ભાવમંગલને પ્રદાન કરતો મૂઠી - ઊંચેરો મંત્ર !
સર્વ પાપોનો ક્ષય કરવા માટેનું સામર્થ્ય ધરાવતો શિરોમણિ મંત્ર !
વિનયધર્મનો ઉપાસક બનાવનાર ઉપાસ્ય મંત્ર !
નમસ્કારપુણ્યની ઊંચી કમાઈ કરાવનારો પુણ્યપુષ્ટિ મંત્ર !
દુષ્કૃતની ગર્હાદ્વારા પાપના અનુબંધોને ખત્મ કરતો પાપહર - મંત્ર !
સુકૃતની અનુમોદનાના માધ્યમથી પુણ્યને પુષ્ટ કરતો પવિત્ર- મંત્ર !
ચાર શરણના સ્વીકાર દ્વારા શરણાગત બનાવતો મંત્રરાજ !
સંસારરૂપી અટવીને પાર કરાવનાર તથા રક્ષણ અર્પનાર રક્ષામંત્ર !
વિઘ્નોની સુદીર્ઘ વેલડીઓનો ઉચ્છેદક વિઘ્નહર મંત્ર !
પ્રશસ્ત અભિરતિનો આવિષ્કારક આનંદ મંત્ર !
પુણ્યના ભંડારોને છલકાવી દેનાર પૌષ્ટિકમંત્ર !
ક્રોધાદિ કષાયોનું દહન કરનાર અગ્નિમંત્ર !
ભવ્યાત્માઓનું કલ્યાણ કરનાર કલ્યાણ - મંત્ર !
નિર્ગુણીને ગુણવંત બનાવનાર પ્રાણપ્યારો મંત્ર !
આઠ સંપદાને ધારણ કરીને અનંત સંપદા પ્રદાન કરનાર સંપત્ - મંત્ર !
કેવળજ્ઞાનની ભેટ ધરનાર જ્ઞાન-મંત્ર !
દુનિયાના તમામ મંત્રોનાં સામર્થ્યનો સ્વામી નાયક મંત્ર !
મોહ - વિષને ઉતારનાર ગારુડી મંત્ર - નવકાર !

ચોર - શ્વાપદ અગ્નિ - જળ - ભૂતાદિની પીડાને દૂર કરનાર ભયહર - મંત્ર !
વિષયોની વાસના તથા સાપ - વિંછીનાં ઝેર ને ઉતારનાર વિષહર -મંત્ર !
અષ્ટ મહાસિદ્ધિ - નવનિધિને અર્પણ કરતો સિદ્ધ - મંત્ર !
પ્રતિક્ષણ - પ્રતિપળ - દિનરાત ગણાતો મંત્ર એટલે સ્મરણમંત્ર !
સર્વમંત્રોમાં રાજા સમાન મુગટ -મંત્ર !
આપત્તિઓને સંપત્તિમાં સંક્રમિત કરનાર આપદુદ્ધારક - મંત્ર !
દ્રવ્ય - ભાવઃ ઉભય પ્રાણોની રક્ષા કરનાર રક્ષક - મંત્ર !
ત્રણે ભુવનમાં ગણાતો અને ગુંજનો વિશ્વવ્યાપી - મંત્ર !
રંકને રાય અને પામરને પરમાત્મા બનાવનાર પરિવર્તક - મંત્ર !
સાધકને અભ્યંતર આનંદ આપનારો આહ્‌લાદક - મંત્ર !
અનાદિકાળથી ચાલ્યો આવતો, અનંતકાળ રહેનારો અવિચળ મંત્ર !
સતત સ્મરણથી આત્માના પ્રત્યેક પ્રદેશને વાસિત કરતો સુવાસ મંત્ર !
ચૌદ પૂર્વના જ્ઞાનને ૬૮ અક્ષરોમાં સમાવનારો સંગ્રાહક - મંત્ર !
દ્વાદશાંગીના અર્કરૂપ મહામંત્ર એટલે સાર - મંત્ર !
અણુંમાં મેરુનો અનુભવ કરાવનાર આસ્વાદ - મંત્ર !
અક્ષરોમાંય અમૃતની મીઠાશ બક્ષનાર રસ (અમૃત) - મંત્ર !
અકલ્પ્ય અને અદ્‌ભુત ઘટનાનો સર્જક ચમત્કારિક - મંત્ર !
કર્મોના પહાડોનેય પોતાના ૬૮ આરાવાળા ચક્રથી ભેદનાર ચક્ર - મંત્ર !
તમામ અપમંગલોને દૂર કરી મંગલ આપનાર મંગલ - મંત્ર !
જંગલ - પાણી અને અગ્નિમાંય બચાવનાર કવચ - મંત્ર !
આચાર્ય - ઉપાધ્યાય - સાધુના દિલ - દેવળમાં સદા વસેલો હૃદય - મંત્ર !
૬૮ અક્ષરોના અવાજ - ઉચ્ચારમાત્રથી અશુભ તત્ત્વોને દૂર રાખનાર ધ્વનિ મંત્ર!
કેવલિભગવંત પણ જેનો સંપૂર્ણ મહિમા કહી ન શકે તેવો મહામહિમ-મત્ર !
ચૌદે રાજ લોકોમાં સોના જેવો શુદ્ધ સાબિત થયેલો સુવર્ણ - મંત્ર !
પહાડ જેવાં પાપોને ભેદવા માટે વજ્ર- મંત્ર !
સુકૃતોનાં આકર્ષણ માટે વશીકરણ - મંત્ર !
કદરૂપા આત્માને રૂપવાન બનાવનારો રૂપ - મંત્ર !
સામાન્ય માનવી જેનાં રહસ્યોને ન પામી શકે તેવો ગૂઢ - મંત્ર !



અક્ષરો - શબ્દો દ્વારા ચૈતન્યની અનુભૂતિ કરાવનારો પ્રાણ - મંત્ર !
આસુરી - તામસી ભાવનાઓને ખતમ કરી, સાત્ત્વિક ભાવનાને જગાડનાર સાત્ત્વિક મંત્ર !
ભોગીને યોગી, યોગીને અયોગી બનાવનારો અદ્‌ભુત યોગ મંત્ર !
જડમાંય ચેતનાનો સંચાર કરનાર ચૈતન્ય મંત્ર !
અશુભ મંત્રની શક્તિને નષ્ટ કરી શુભમંત્રને બળ આપનાર શક્તિ મંત્ર !
પંચ પરમેષ્ઠી પ્રત્યે અહોભાવ પેદા કરનાર ભક્તિ મંત્ર !
બે હાથ અને બે પગ હલાવ્યા વગર અગાધ સંસાર - સાગરને તરાવનારો તારક મંત્ર !
પાપી, ધર્મી અને યોગીને સમાધિ પ્રદાન કરતો સમાધિ - મંત્ર
રત્નત્રયીની ઉપાસના કરનારને તત્ત્વત્રયીમાં સ્થાન આપનાર ઉદાર - મંત્ર !
શુદ્ધ દેવતત્ત્વ સુધી પહોંચાડનાર પરમ - મંત્ર !
ભવ - ભ્રમણને મિટાવનાર અને સ્વરૂપને પ્રગટાવનાર મુક્તિ મંત્ર !

આવા નવકાર મહામંત્રનાં રહસ્યોને પામવા, તેના ઉપરનો અહોભાવ વધારવા, શ્રદ્ધા પરિપક્વ બનાવવા, તેના મહિમાને જાણવા - સમજવા એક વિભાગ ગતાંકથી શરૂ થયો છે. તે માટે અનેક શાસ્ત્રોની વાતો, કથાનકો, મહિમા - ફળને વર્ણાવતા શ્લોકો, ચત્મારિક ઘટનાઓ વગેરેના માધ્યમે આ વિભાગમાં સાહિત્ય પ્રગટ થશે.. આત્મવિશ્વાસ છે કે - વાચકોનાં હૃદયપટ પર ચોક્કસ ચોંટદાર અસરકારક પુરવાર થવા સાથે કોતરાઈ જશે, અંકિત થશે. મનન પૂર્વક વાંચવા વિનંતિ છે. વાચકોને પ્રતિભાવ જણાવવા ભલામણ છે. **(ક્રમશઃ) ધ**

## ★ પ્રશ્નોત્તરસુધા ★★★

**ઉત્તરદાતા : પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

**પ્રશ્ન : ૧** દેશાવકાશિક (દેસાવગાસિક) પચ્ચક્ખાણ કઈ રીતે થઈ શકે ? એની શાસ્ત્રીય રીત શું છે ?

**જવાબ : ૧** દેશાવકાશિક મુખ્યત્વે બે પ્રકારે શાસ્ત્રોમાં જોવા મળે છે.

(૧) **सचित्तादेस्तु संक्षेपो, दिने रात्रावपीह यः ।**

**देशावकाशिकं प्राहु - र्मुख्यतस्तं विचक्षणाः ।।**

**ભાવાર્થ :** સચિત્તાદિ (૧૪ નિયમમાં આવતી ચીજો) ના દિવસ માટે અને રાત્રિ માટે કરાતા સંક્ષેપને, બુદ્ધિશાળી - જ્ઞાનીઓ મુખ્ય રીતે દેશાવગાશિક કહે છે. (દેશ + અવકાશ = દેશાવકાશિક )

આ વાત મુખ્યત્વે ચૌદનિયમ રૂપે ચાલતા દેશાવગાશિક માટે છે. આ રીતે ચૌદ નિયમ કરવાથી ઘણાં બિન જરૂરી પાપોથી જીવ બચી જાય છે. માપની દૃષ્ટિએ ગણાવવું હોય તો એમ કહેવાય કે - સાગર જેટલું લાગતું પાપ ગાગર જેટલું થઈ - બની જાય છે. મતલબ, ઘણાં - ઘણાં પાપોનું કનેક્શન તૂટી જાય છે.

(૨) **दिग्विरतेस्तु संक्षेपो - ऽधुना देशावकाशिकम् ।**

**व्यवहारमतेः ख्यातं, विख्यातं दृश्यते श्रुते ॥**

**ભાવાર્થ :** દિશાઓની વિરતિ; જે પહેલાં કરી હતી, તેનો આજના દિવસ માટે વિશેષ સંક્ષેપ કરવો તે વ્યવહાર મતિથી (વ્યવહારનયથી) દેશાવગાસિક પ્રસિદ્ધ છે, આવું શાસ્ત્રોમાં જોવા મળે છે.

અહીં મુખ્યતા દિશાઓની વિરતિની વાત છે.બારવ્રતનો સ્વીકાર કરતી વખતે દિશાઓનું જે પરિણામ નક્કી કર્યું હતું તેનો વિશેષ સંક્ષેપ કરવો અર્થાત્ દિશાઓનો વ્યાપ ઘટાડવો. તે ઘટાડવાથી પાપો ઘટે છે. તે તે દિશાઓનું પરિણામ કર્યા પછી ત્યાંથી આગળના ક્ષેત્રમાં થતાં પાપો સાથેનું જોડાણ તૂટી જાય છે.

આની સાથે હાલમાં જે ૮ સામાયિક, બે પ્રતિક્રમણ અને એની સાથે તપમાં ઓછામાં ઓછા એકાસણા પૂર્વક થતા દેશાવગાસિકની પણ વાત જોડાયેલી છે. આ પ્રથા ઘણી પ્રાચીન નથી, તેવું પૂજ્યો પાસે સાંભળેલ છે. આની મૂળ વિધિ શું હતી ? તે અંગે જાણવા મળે છે કે, બારવ્રત તમે જે લીધાં હોય, તે જીવજૂજીવ કે ૫-૧૦ વર્ષની અવધિ માટે લીધાં હોય... તે લીધેલાં બારે વ્રતોમાં જે જે પાપોની છૂટ (જયણા) રાખી હતી... તેનો સંક્ષેપ કરવો. અર્થાત્ દિશાઓમાં બાર વ્રતમાં ૫૦૦-૫૦૦ યોજનાદિની છૂટ રાખી હતી. તેનો સંક્ષેપ કરી આજના દિવસ માટે ૨-૫ માઈલ અથવા એથી ઓછી છૂટ રાખવી. તે જ રીતે પરિગ્રહમાં માનો ૫-૧૦ ક્રોડ રાખ્યા હોય પણ મુકરર દિવસ માટે વધુ સંક્ષેપ કરી ૫૦ લાખ કે ૧-૨ કરોડનો જ પરિગ્રહ કરવો... આ રીતે તમામ વ્રતોના વિષયોમાં સંક્ષેપાદિ કરવા પૂર્વક દેસાવગાસિક કરવાનું છે.

હાલ કરાતા ૮ સામાયિક - બે પ્રતિક્રમણવાળા દેસાવગાસિકમાં કાચું પાણી ન જ વપરાય વગેરે જે એકાંત નિયમની વાતો કરે છે, તે યોગ્ય નથી. આ વ્રતનો



ઉદ્દેશ પાપોનો ઘટાડો કરવાનો છે. હા, તમે જેટલો ઘટાડો કરી શકો તે ફાયદામાં છે, પણ એકાંત નિયમ ન કરવો.

સાથે સાથે (પાપની ક્રિયામાં ઘટાડાની સાથે) ધર્મ ક્રિયામાં વધારો કરવાનો છે. જેમ કે - બાર વ્રતમાં રોજ ૧-૨ સામાયિકનાં (અથવા મહિનામાં વર્ષમાં ૨૦ કે ૨૦૦ સામાયિક કરવાનો) નિયમ કર્યો હોય તેમાં વધારો કરી આજના દિવસમાં ૮ સામાયિક કરીશ... આવો નિયમ કરવો.

કેટલાકને આ બધી ઝંઝટમાં ફાવતું નથી. તેથી હાલ ૮ સામાયિક, બે પ્રતિક્રમણ અને એકાસણાદિના તપનો માર્ગ અપનાવાય છે. એક-એક વ્રતના સંક્ષેપાદિનું કાર્ય વિકટ-ઝંઝટ ભર્યું - અઘરું લાગવાથી આ સરળ માર્ગ પ્રચલનમાં આવ્યો છે.

આજે પણ કેટલાક જીવો (શ્રાવક - શ્રાવિકા) કહે છે : સાહેબ ! સવાર - સાંજ નિયમ લેવાના - સંક્ષેપવાના કાર્યમાં ગરબડ થાય છે. યાદ નથી રહેતું, ભૂલી જવાય છે. પાપથી બચવાનો જો ભાવ હોય; પાપનો ભય જાગ્રત થયો હોય તો આવો પ્રમાદ ક્યારેય થાય ખરો ? આપણા ભવિષ્યને બગડતું અટકાવવું હોય તો અપ્રમત્તતા - જાગૃતિ રાખવી જ પડશે. ભાવિ ઉજ્વલ બનાવવા માટે પાપના સંબંધો તોડવા જ પડશે. પાપના સંબંધો પર કાપ મૂક્યા વગર ધર્મના સંબંધો જોડી શકાતા નથી. પાપના સંબંધો ન તોડવા દેવામાં અને ધર્મના સંબંધો ન જોડવા દેવામાં સૌથી મોટો ફાળો (હાથ) પ્રમાદનો છે.

પ્રમાદમાં મોટો હિસ્સો મોહનીય કર્મનો છે. થોડો હિસ્સો દર્શનાવરણીય કર્મનો અને થોડો ભાગ વેદનીયકર્મનો છે. પ્રમાદ આવવામાં મુખ્યત્વે આ ત્રણ કર્મ જવાબદાર છે. પરંતુ પ્રમાદ કરવાથી તમામ કર્મોનો અશુભ બંધ થાય છે, તે વાત ભૂલવા જેવી નથી. હા, તેથી જ પ્રમાદને મોત અથવા દુશ્મન ગણાવેલ છે. આ બધું જાણી, પ્રમાદને ખંખેરી બંને ટાઈમ ૧૪ નિયમ ધારવા (લેવા) દ્વારા ઘણાં-ઘણાં પાપોથી બચવા ભલામણ છે. તે જ રીતે પૌષધ ન કરી શકતા જીવો છે તેમને તે દિવસે પાપોનો અવકાશ ઘટાડવા માટે; તે તે પોપોનો સંક્ષેપ કરવા દ્વારા અને તે તે સંવર - નિર્જરાની ક્રિયામાં વધારો કરવા દ્વારા હાલમાં કરાતા ૮ સામાયિક, બે પ્રતિક્રમણ અને એકાસણાદિ તપનો માર્ગ અપનાવી તે પ્રમાણે દેશાવગાસિક વ્રત પાળવા માટે તૈયાર થવા જેવું છે. ધ

# ★ જગતપિતા જગડૂશા - ૩ ★★★

-પૂ. આ.ભ.શ્રીમદ્ વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

અનાજનો ભંડાર ગરીબો માટે છે; આવું લખાવવા પાછળનો આશય એ હતો કે - આ લખાણ વાંચતાં દુષ્ટ રાજાઓ આમાંનું કોઈ અનાજ લઈ શકે નહીં, ગરીબ રંક જીવોને ભૂખ્યા રહેવાનો વારો ન આવે.

જગડૂશાની આ ભાવના અને વ્યવસ્થા હોવા છતાં કેટલાક ભૂખ્યા-ભૂખનાં દુઃખથી ઘેરાયેલા ઘણાં સુલતાન વગેરે 'અમે પણ રંક છીએ' એમ કહી, જગડૂશા પાસેથી અનાજ લઈ જતા હતા ! સંસ્કૃતમાં સુભાષિત છે. **बुभूक्षितः किं न करोति पापम् ?** અર્થાત્ 'ભૂખ્યો માનવ કયું પાપ ન કરે ? એ રંક પણ બને, જૂઠું પણ બોલે, ચોરી પણ કરે....' ગુજરાતીમાં કહેવાય છે કે - 'ભૂખ જેવું દુનિયામાં કોઈ દુઃખ નથી ને ઊંઘ જેવું કોઈ સુખ નથી !' 'પેટ કરાવે વેઠ' જેવી કહેવતો પણ આ જ વાતના સમર્થનમાં છે. ભૂખ્યો માનવ એંઠવાડ ખાવા પણ મજબૂર બને છે ! ભૂખની અસહ્ય પીડા રાજાને પણ માંગણ બનાવી દે છે, ભિખારી બનવાની લાચારીમાં મૂકી દે છે.

વિવિધ પ્રબંધોની વાત કરીએ તો દાનવીર જગડૂશાએ વીસલ રાજને ૮૦૦૦ મૂંડા, હમ્મીર બાદશાહને ૧૨૦૦૦ મૂંડા, સુરત્રાણ (સુલતાન) ને ૨૧૦૦૦ મૂંડા... અનાજ અર્પણ કર્યું હતું. ટોટલ ૯ લાખ ૯૯ હજાર મૂંડા અનાજ તો માત્ર આપવામાં ગયું. તે ઉપરાંત ૧૧૨ દાનશાળાઓમાં વપરાયું તે અલગ ! આ જ કારણે વગર પ્રચાર કરે જગડૂશાની કીર્તિ-યશ દશે દિશામાં ફેલાઈ હતી...! આ યશ-કીર્તિની ઈર્ષ્યાથી યા સ્પર્ધાથી રાજા વિસલ દેવે પોતાના વીશલનગરમાં દાનશાળા ચાલું કરી હતી. શરૂઆતમાં ઘી સાથે ભોજન આપવામાં આવ્યું. ઘી પૂરતું ન મળવાથી અથવા પહોંચી ન વળતાં તેલ સાથે ભોજન આપવામાં આવ્યું ! તેલ પણ ઝાઝા દિવસ ન ચાલ્યું... છેવટે તેલ પણ પીરસવાનું બંધ કરવું પડ્યું !! શુભભાવનાની જગ્યાએ જ્યારે ઈર્ષ્યા પોતાનો પગદંડો જમાવે ત્યાં સફળતા ન જ મળે અથવા એ કાર્ય લાંબો સમય ન જ ચાલે !



હારી - થાકીને રાજા વિસલદેવે ખાસ કામ માટે દાનવીર જગડૂશાને પોતાને ત્યાં બોલાવ્યા. જગડૂશા રાજાને ઉચિત નમસ્કાર કરી યથાસ્થાને બેઠા. વીશલરાજાએ જે જે વાત કરી ત્યારે જગડૂશાએ માત્ર જી જી એવો જવાબ આપ્યો. આ દશ્ય - શ્રાવ્ય જોઈ - સાંભળી ત્યાં હાજર રહેલા એક ચારણે રાજાને જણાવ્યું: 'હે રાજન્ ! તમે જગડૂશા પાસે જી - જી કહેવડાવો છો, તે ઉચિત નથી. કારણ, તમે તેલ સાથે પ્રજાને જમાડવામાંય થાકી ગયા.. ત્યારે આ દાનેશ્વરી જગડૂશા તો હાલ પણ દિવસો જ નહીં, મહિનાઓથી ૧૧૨ દાન શાળાઓમાં શુદ્ધ ઘી સાથેનું ભોજન આપે છે... માટે તમારે તેમની સ્પર્ધા કરવાનું અભિમાન ન કરવું જોઈએ.' ભૂતકાળમાં ભાટ-ચારણો જરૂર પડે રાજાને પણ યોગ્ય ઉપાલંભ (ઠપકો) આપતા, તે જ રીતે તેવાં ગીતો-કડખાં ગાઈ સૈનિકોમાં શૂરાતન પણ પ્રગટાવતાં, તેના જ યોગે સૈનિકો - યોદ્ધાઓ રાજ્ય માટે પ્રાણ ન્યોચ્છાવર કરવાય તૈયાર થઈ જતાં, એટલું જ નહીં, માથાં કપાયાં પછી ધડ પણ લડતાં...!

ચારણના નાના માર્મિક વાક્યે એવો તો જાદુ સર્જ્યો કે રાજાએ મત્સર (ઈર્ષ્યા) ભાવનો ત્યાગ કરી જગડૂશાને કહ્યું: હે જગડૂશા ! તમે જ્યારે - જ્યારે મારી પાસે આવો ત્યારે મને નમસ્કાર કર્યા વગર જ બેસવું. કારણ, તમે નમ્રતા - વિવેક - ઉદારતા વગેરે ગુણોને યથાર્થપણે ધારણ કરો છો, તેથી સાચા અર્થમાં જગતભરમાં જગત્ પિતા એક તમે જ છો ! અમે તો જગત્પિતા નામના જ છીએ. હકીકતમાં મારી પ્રજા માટે પણ નમસ્કાર કરવાલાયક તમે જ છો. (હું નહીં !) આટલું કહ્યા બાદ તેમનો યોગ્ય સત્કાર કરી સન્માન પૂર્વક સ્વસ્થાને જવાની અનુમતિ આપી.

સાચા દિલના રાજાઓની રાજનીતિ એ જ છે કે - 'સજ્જનોનું સન્માન કરવું ને દુષ્ટોને દંડ કરવો' પોતાના દેશમાં પ્રજાની આબાદી-ઉન્નતિ જોઈ ઈર્ષ્યા નહીં, આનંદ થવો જોઈએ. રાજતેજનો અને પરાક્રમનો ઉપયોગ રાજ્યની પ્રજાને રંજાડવામાં નહીં, શત્રુઓથી પ્રજાને- રાજ્યને સુરક્ષિત રાખવા માટે કરવાનો છે. પોતાની સંતતિની જેમ દેશની પ્રજાનું પાલન-પોષણ કરવાનું છે. ભરતેશ્વરવૃત્તિમાં પં.શ્રી શુભશીલગણિવર લખે છે કે - 'રાજા જો ધર્મી' તો પ્રજા ધર્મી થાય... રાજા પાપી (પાપ કરતો હોય) તો પ્રજા પણ પાપી પાકે... કારણ, પ્રજા હંમેશા રાજાને

અનુસરે છે... માટે જ કહેવાય છેઃ યથા રાજા તથા પ્રજા' 'જેવો રાજા તેવી પ્રજા, બાપ જેવો બેટા ને વડ જેવો ટેટા...' રાજાને અપેક્ષાએ પ્રજાના બાપ કહ્યા છે. પ્રજાને બેટા જેવી ગણાવી છે. અંધેરી નગરી ને ગંડુ રાજા, ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં.... જેવો ઘાટ ન થવો જોઈએ.. અગિયાર લાખ વર્ષ વીતવા છતાં લોકો 'રામ રાજ્ય' ની વાતો કેમ કરે છે ? શા માટે એવા રાજ્યની અપેક્ષા રાખે છે ? 'રામ રાખે તેને કોણ ચાખે ?' જેવી કહેવત ક્યારે ઊભી થઈ ?

હિંસાદિ પાપોમાં - પાપ કાર્યોમાં રચ્યા - પચ્યા રાજાઓ - નેતાઓ પ્રજાનું શું હિત કરી શકે ? સત્યુગની વાતો વાગોળીએ તો ખ્યાલ આવે કે - પ્રજાની વાસ્તવિક સ્થિતિને જાણવા, તે સમયના રાજાઓ રાત્રિના સમયે વેષ પરિવર્તન કરવા પૂર્વક જાતે નીકળતા, પ્રજાનાં સુખ - દુઃખથી વાકેફ થઈ યોગ્ય ચિંતા કરતા. વર્તમાન કળિયુગમાં આવા રાજાઓનો દુકાળ પડ્યો હોય તેવું નથી લાગતું ? પોતાની બિરુદાવલિ સાંભળવાની ઘેલછાવાળા ને ગાવાની લાલસાવાળા નેતાઓની આજે ભરમાર જોવા મળે છે. પોતાના દોષો શોધનારા ને તેને દૂર કરવાના ભગીરથ પુરુષાર્થવાળા નેતાઓ આજે આંગળીના વેઢા પૂરા થાય તેટલાય નહીં હોય ! ખેર! કલિકાલનો નહીં, મલિન કાળજાં - યુગનો પ્રભાવ જણાય છે.

એકવાર રાજા વિસલદેવને જગડૂશાની પરીક્ષા કરવાનું મન થયું. વિસલદેવે સાંભળ્યું કે - દાનવીર જગડૂશા યાચકના ભાગ્યપ્રમાણે રજત - સુવર્ણ - રત્નાદિનું દાન કરે છે. જગડૂશાની દાન - પદ્ધતિ અને પોતાના ભાગ્યની પરીક્ષા કરવા રાજાએ વસ્ત્રાદિનું પરિવર્તન કર્યું. જગડૂશા પોતે જ્યાં પડદામાંથી દાન આપતા હતા, ત્યાં પહોંચી ગયા ! લાઈનમાં આવેલા તમામ યાચકો પડદાના બાકોરામાંથી હાથ અંદર નાખતા.. જગડૂશા તે તે વ્યક્તિના હાથની રેખા - ચામડીનો વર્ણ - ભાગ્યરેખા - વિદ્યારેખા - સૌખ્ય રેખા - વગેરે સામુદ્રિક લક્ષણો પારખી, તે પ્રમાણે યોગ્ય ચીજ - વસ્તુનું દાન દેતા.

રાજા વિસલદેવે પડદામાંથી જમણો હાથ અંદર લંબાવ્યો. જગડૂશા સામુદ્રિક લક્ષણોના જાણકાર હતા. ભાગ્ય - સૌખ્યરેખા - હથેળીની લાલાશ ઉત્તમવર્ણાદિ તથા હાથમાં આંગળી વગેરેમાં રહેલા પર્વ - ચક્ર વગેરે જોઈ વિચારે છે કે - જગતના



જીવોને માનવા લાયક-ભાગ્યવંત કોઈ મોટા રાજાનાં લક્ષણોવાળો આ હાથ છે. કોઈ અશુભકર્મના ઉદયથી હાલ દુઃખી અવસ્થાનો ભોગ બન્યો લાગે છે. મારી ફરજ છે કે - હું તેને ઘણું બધું આપું... જેથી તે જીવે ત્યાં સુધી સુખી રહે ! આવા જ વિચારથી જગડૂશાએ તેના હાથમાં એક મણિજડિત કિંમતી વીંટી મૂકી ! તરત જ હાથ ખેંચી લઈ, કૌતુક જોવાના અને પારખું કરવાના ભાવથી ડાબો હાથ અંદર લંબાવ્યો. ત્યારે દાનવીર જગડૂશાએ તરત જ ખૂબ કિંમતી બીજી વીંટી તેના હાથમાં મૂકી. રાજા બંને વીંટી લઈ રાજ-મહેલમાં ગયો. બીજે દિવસે રાજાએ જગડૂશાને પોતાને ત્યાં બોલાવી તે જ મહાકિંમતી બંને વીંટી બતાવી.

વીંટીઓ જોતાં જ વાસ્તવિક રહસ્યને સમજી ગયેલા ગંભીર અને વિવેકી જગડૂશાએ રાજાને કહ્યું : સિંહ ગમે ત્યાં જાય, પણ ખેતી કરવા હળ સાથે જોડાતો નથી. (જોડી શકાતો નથી.) ને પાડો જ્યાં જાય ત્યાં પાણીથી ભરેલી પખાળને ઉપાડે છે. - એટલે ભાગ્યની બલિહારી છે.

વિવેક સભર વેણ સાંભળી ખુશ થયેલા ગુણાનુરાગી રાજાએ જગડૂશાનું ખૂબ જ સન્માન કરી, સુંદર વસ્ત્રાદિ ભેટ ધરી - આપી હાથી ઉપર બેસાડીને સ્વસ્થાને પહોંચાડ્યા !

જગડૂશા બારવ્રત ધારી પરમ શ્રાવક હતા, તેમણે દાન - શીલ - તપની પૂર્ણ ઉલ્લાસ (ભાવ) થી આરાધના કરી હતી. અંતે સમાધિપૂર્વક મૃત્યુ પામી મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થયા છે. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધિપદ પ્રાપ્ત કરશે.

ઘણાં આચાર્યભગવંતાદિએ આ દાનવીર જગડૂશાનાં ચરિત્રોની રચના કરી છે. તે ચરિત્રોને નજર સામે રાખી આ હકીકતો જણાવી છે. ધન્ય છે, જિનભક્તિ - ગુરુભક્તિ, સાધર્મિક ભક્તિ સાથે અનુકંપા દાન દ્વારા જિનશાસનની ઉન્નતિ ને પ્રભાવના વિસ્તારનારા દાનવીર જગડૂશાને !

**ઉપસંહાર અને ઉપદેશ :** આ રીતે દાનવીર - જગત્પિતા ગણાતા જગડૂશાનું સંક્ષેપમાં કેટલુંક વર્ણન કર્યું. પરમપુણ્યોદયથી પ્રાપ્ત થયેલા માનવ જન્મ અને જૈનેન્દ્ર શાસનને સફળ બનાવવા માટે શ્રાવક-શ્રાવિકા વર્ગેઃ શાસ્ત્ર અને ગુરુભગવંતોના ઉપદેશને ગ્રહણ કરી સમય - સંયોગને ધ્યાનમાં લઈ સાધર્મિકભક્તિ, અનુકંપા વગેરે કરવાનું છે. કયા સમયે, કયા ક્ષેત્રમાં ધન - સંપત્તિ

આદિનો સદ્વ્યય કરવો જોઈએ ? આ વાતનો વિવેક ખાસ કરવાનો છે. જ્ઞાન અને વિવેક હોય તો જ ધર્મ થઈ શકે.. ધર્મ; પુણ્ય - પરલોકમાં સદ્ગતિ - પરંપરાએ મુક્તિનું કારણ બની શકે. દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવનો વિચાર કરી જરૂરિયાતને ધ્યાનમાં લઈ, જે ક્ષેત્રમાં વિશેષ આવશ્યકતા હોય તે ક્ષેત્ર તરફ વિશેષ ધ્યાન આપીને તેની ખોટ પૂરી કરવાની છે. પોતાની શક્તિ છુપાવ્યા વિના સાતક્ષેત્ર - જીવદયા - અનુકંપાદિમાં તન-મન-ધન આદિનો ઉપયોગ કરી તેને સફળ બનાવવાનાં છે.

આજે જૈનો સાધર્મિક ભક્તિ પ્રત્યે વિશેષ લાગણી ધરાવે છે. આટલી લાગણી અન્ય ધર્મોમાં ભાગ્યે જ જોવા મળે છે. આજે ગુરુભગવંતો પણ સાધર્મિકોની ભક્તિ માટે વિશેષ ઉપદેશ આપવામાં માને છે. કારણ, આજ - કાલ આ ક્ષેત્રમાં ખાસ જરૂર જણાય છે. **શાસ્ત્રકારો પણ જણાવે છે કે - જે ક્ષેત્રમાં જરૂર હોય તે ક્ષેત્રમાં ધનનો પ્રવાહ જવો જોઈએ, એમાં વધારે લાભ છે.** વિવેક પણ એમાં જ છે. સાધર્મિક ટકશે તો બાકીનાં છ ક્ષેત્રો ટકશે. સાધર્મિક સિદાતો હશે તો સાતે ક્ષેત્ર સિદાતાં જોવા મળશે. સાધર્મિક તરીકે ગણાતાં શ્રાવક-શ્રાવિકા નામનાં છઠ્ઠા - સાતમાં ક્ષેત્રને સદ્ધર કર્યાં હશે તો બાકીનાં પાંચ ક્ષેત્રોને ઊણી આંચ નહીં આવે.

આ જગડૂશા સાધર્મિકભક્તિના સૂક્ષ્મ રહસ્યને સમજનારા એક ઉત્તમ - વિવેકી - શ્રદ્ધા સંપન્ન શ્રાવક હતા.

આ વાંચ્યા બાદ વાચક - શ્રાવકો વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી જરૂરી ક્ષેત્રોમાં, એમાંય વિશેષ કરીને સાધર્મિકભક્તિના ક્ષેત્રને વધુ ને વધુ પુષ્ટ બનાવે.... તેના યોગે બાકીનાં ક્ષેત્રોમાં યથાયોગ્ય પુષ્ટિ થાય તેવાં પુણ્યકાર્યો કરતા રહે, આખરે સાત ક્ષેત્રોની ભક્તિ કરતાં ભગવાને કહેલા શ્રમણ માર્ગનો (સાધુજીવનનો) સ્વીકાર કરી, નિષ્પાપ જીવન જીવતાં જીવતાં અશરીરી (શરીર રહિત), કર્મ રહિત આવસ્થાને પ્રાપ્ત કરે; એ જ મંગલકામના. ધ

## ★ ઉન્માર્ગનો પરિત્યાગ... સન્માર્ગનો સ્વીકાર - ૨ ★★

એકતા તેની સાથે જ હોય જે શાસ્ત્રને માનતા હોય, શાસ્ત્રની વાતો બાજુ પર રાખો અને આપણે બધા એક થઈએ, તેવાની સાથે એકતા કેવી ? તેવાની સાથે બેસવું; એટલું જ નહિ પણ વાત કરવી તેય પાપ છે. શાસ્ત્રની વાત ન સમજાય તો



શાસ્ત્ર ખોટાં છે, તેમ કહેવાય કે આપણી બુદ્ધિ ઓછી, સમજણ ઓછી તેમ મનાય?

શાસ્ત્રો કહે છે કે - રાગ - દ્વેષ અને મોહને જીત્યા છે, અજ્ઞાનનો જેમણે નાશ કર્યો છે, તેવા શ્રી જિનેશ્વર દેવોને ખોટું કહેવાનું કોઈ જ કારણ નથી. શાસ્ત્રે કહ્યું છે કે - શાસ્ત્રની વાત ન સમજાય ત્યારે '**तमेव सच्चं निसंकं जं जिणेहिं पवेइयं**' તે જ સાચું અને શંકા વિનાનું છે, જે શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલું છે; આ જ વિચાર કરવાનો છે, પણ આપણું ડહાપણ ડહોળવાનું નથી.

દુનિયામાં પણ ચોપડા વિના હિસાબ થાય ? નીતિ શાસ્ત્રોમાં પણ કહ્યું કે, ચોપડા ન હોય તેની સાથે વેપાર ન હોય. હિસાબ ચોપડાવાળા સાથે હોય. આગળ હિસાબ થાય તો ચોપડામાં લખતા કે ભૂલચૂક સો યે વર્ષે લેવી દેવી. શાહુકારને ઘેર સો વર્ષના ચોપડા રહેતા. કાચા અને પાકા બે ય. આજે ચોપડા કેમ કાઢી નાંખવા પડ્યા ? વેપાર કાળો છે અને નાણું પણ કાળું છે માટે. આજે એવા શાહુકાર (!)છે, જેને પોતાના નામે પૈસા ખરચવા હોય તો ખર્ચી શકે નહિ.

**પ્ર. :** જે પૈસા ન આપે તેની પાસે જે મળે તે લઈને સમાધાન કરવું પડે ને ?

**ઉ. :** તે લેવાને. ૫૦૦ લીધા અને નથી આપતો તો આટલાથી પતાવો, તેમ કહે તે પતાવ્યું કહેવાય, પણ લીધું ન કહેવાય ! તે શાહુકાર છે, તેમ ન કહેવાય. **લીધા પછી નો'તો આપી શકતો તો આટલા તો આપ્યા તેવી પતાવણી પૈસા માટે થાય, સિદ્ધાંત માટે ન જ થાય.**

**શબ્દાર્થોનું ય જ્ઞાન નથી લાગતું. સિદ્ધાંત તો કબૂલ કરવો જ પડે. સિદ્ધાંતનું પાલન નથી થતું, તે મંજૂર છે, પણ તેથી સિદ્ધાંત ખોટો કહેવાય ?**

એક શાહુકાર પાસેથી કોઈ પૈસા લઈ ગયો અને પછી પૈસા ન આપવા પડે માટે તે શાહુકારના ચોપડા ખોટા કીધા. તો શાહુકારે ચોપડા સાચા કરાવવા કોર્ટ માં કેસ કર્યો અને હુકમનામું મેળવ્યું. તે ત્યાં જ ફાડી નાંખ્યું અને કહ્યું કે - મને પૈસાની કિંમત નથી પણ મારા ચોપડા ખોટા ન થાય, માટે આ કર્યું છે. પેલા માણસને કહ્યું કે - તારે પૈસા જોઈએ તો બીજા આપું પણ મારા ચોપડા કદી ખોટા ન કહેતો.

તમે સાધુ નથી થઈ શકતા, તો આ કાળમાં સાધુ થવાની જરૂર નથી માટે કે સાધુ થવાતું નથી માટે ? આજે સાધુ થવાની ઈચ્છા ન રાખે તે ચાલે, તેમ પતાવટ થાય ? સાધુમાં પણ શિથિલતા આવે તો તે શિથિલતાને ખોટી માનવી જ પડે ને ?

આ મહાપુરુષે આપણને સૌને પ્રેરણા આપી કે સત્યના શોધક બનવું જ જોઈએ. 'હું સત્યની શોધમાં ન પડ્યો હોત તો આ સ્થિતિમાં ન હોત' તેમ પોતે કહી ગયા છે. તેમણે આપણને શિક્ષાપાઠ આપ્યો કે **'ખોટું ચાલતું હોય તો તેને ખોટું જાહેર કર્યા વિના રહેવું નહિ. તો જ સત્ય હાથમાં રહેશે'** કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ ફરમાવ્યું છે કે -

'ધર્મધ્વંસે ક્રિયાલોપે, સ્વસિદ્ધાન્તાર્થ વિપ્લવે;
અશક્તેનાડપિ વક્તવ્યં, કિં પુનઃ શક્તિશાલિના ?'

**ક્રિયાનો લોપ થતો હોય, સિદ્ધાંતનો નાશ થતો હોય ત્યારે શક્તિમાને કોઈ પૂછે કે ન પૂછે તો પણ બોલવું કે આ ખોટું જ છે. જાણીબૂઝીને જો તે ન બોલે, તો તેનો સંસાર અનંતો વધે.**

(ક્રમશઃ) ધ

## ★ પત્ર પરિમલ

**આચાર્ય વિજય ભવ્યદર્શન સૂરિ તરફથી, બેંગલોર, ૨૦૭૭, ફા.સુ.૭/૧**

ધર્માનુરાગી સુશ્રાવક ચન્દ્રકાંતભાઈ યોગ્ય ધર્મલાભ પૂર્વક જણાવવાનું કે, એકાદ અઠવાડિયા પૂર્વે જ સા. શ્રુતગિરાશ્રીજી દ્વારા સમાચાર મળ્યા કે તમારી તબિયત નરમ છે. સમાચાર વિગતવાર જાણવા ફોન કરાવ્યા... રીસીવ ન થયા.. પ્રણવ દ્વારા સમાચાર મેળવ્યા, વિગત જાણી. મહિનાથી અધિક Zydus માં રહેવું પડ્યું.. હવે ધીમો સુધારો છે.. વગેરે જાણ્યું.

પ્રભુના શાસનને વરેલા, સદ્‌ગુરુ દ્વારા સદ્ધર્મને અને કર્મના અકાટ્ય સિદ્ધાંતો - રહસ્યો પામેલા શ્રમણોપાસક - શ્રાવકને તો અશાતાનો ઉદય અભિશાપરૂપ નહિ, આશીર્વાદરૂપ થાય છે. સનત્કુમાર ચક્રવર્તીને, એક સાથે શરીરને ૧૬-૧૬ મહારોગો એ ઘેરો ઘાલ્યો... જાણ થતાં જ તેઓ રોગની જગ્યાએ કર્મની સારવાર કરવાના મનોરથવાળા બની ગયા. છ ખંડ - નવનિધિ - ચૌદરત્નો વગેરેનો એક ઝાટકે ત્યાગ કરી સંયમતા પંથે ચાલી નીકળ્યા. શરીરના રોગની સારવાર ચક્રવર્તીપણામાં સંભવિત બની શકે પણ કર્મના રોગની સારવાર ચક્રવર્તીપણામાં નથી જ... આવું ગણિત મગજમાં જડબેસલાક બેસી ગયું હતું. કર્મરોગના કારણે



જ શરીરમાં ગમે ત્યારે - ગમે તેટલા રોગો, ગમે તે માર્ગે અણધાર્યા પ્રવેશી જાય છે ! આવા રોગોની સંખ્યા શાસ્ત્રકાર ભગવંતોએ ૫-૫૦ કે ૧૦૦-૨૦૦ ની નહીં, ૫,૬૮,૯૯,૫૮૪ ની બતાવી છે. એમાંથી માત્ર ૨-૫ રોગોએ તમારા ઉપર હુમલો કર્યો છે. ગભરાવાની કે ડગવાની જરૂર નથી. આપણા જ નિમંત્રણથી આવેલા તેમનું આપણે તો સ્વાગત જ કરવાનું છે.

'ધર્મ આરાધના કરવા માટે પણ રોગ જાય તો સારું' આવું ન વિચારતાં 'રોગોને સહન કરવાની શક્તિ - સમતા - સમાધિની યાચના ભગવાન પાસે કરવાની છે. અચિંત્ય શક્તિયુક્ત - શક્તિપુંજ પરમાત્માની પ્રાર્થનાના બળે ચોક્કસ સમતા - શક્તિ - સમાધિ મળશે જ.

બીજું - 'ૐ સમાહિ વરમુત્તમં દિંતુ સ્વાહા' આ મંત્રનો વધુ ને વધુ જાપ - સ્મરણ કરશો. બેસવાની ક્ષમતા ન હોય તો પથારીમાં ય મનથી જાપ - સ્મરણ કરવામાં દોષ નથી. ભગવાનના શાસનમાં - સમાધિમરણ પયન્નામાં જણાવ્યું છે કે - 'છ ખંડના - ૩૨૦૦૦ દેશના સામ્રાજ્યમાં - માનવજગતના શહેનશાહ ગણાતા ચક્રવર્તીને રાજ્યના સિંહાસનમાં કે ભૌતિક ઉત્કૃષ્ટ સામગ્રીમાં જે સુખ - મજા ન હતી તે મજા જૈન શાસનના અણગાર - મુનિવરને ઘાસના સંથારામાં હોય છે !' ભૌતિક જગતમાં નહીં, સુખ તો અધ્યાત્મજગતમાં જ છે. હા, એમાં તો મુક્તિના મુખનું સેમ્પલ છે !

એક કવિએ ઠીક જ ગાયું છે - 'એક વાર જે વ્યક્તિ અમૃતનું એક બુંદ (ટીપું) ચાખી લે... પછી એને બાકસ - બુકસ, અરસ - વિરસ ભોજન ક્યાંથી ભાવે?' તે જ રીતે અધ્યાત્માનો આસ્વાદ લીધા પછી તેને ભૌતિકચીજોમાં મજા - આનંદ ક્યાંથી આવે ? ન જ આવે.

શરીરના રોગોમાં વેદના જરૂર હોય છે... તેને ભૂલવા માટે, તે રોગોની ભયાનક પીડા વચ્ચેય આત્મામાં રમવા - રમમાણ રહેવા માટેના કેટલાક કારગર ઉપાયો શાસ્ત્રોમાં બતાવ્યા છે... જેમાં... **વિચારો :** • જીવ તે શરીરથી ભિન્ન છે રે ધ્યાવો લાલ... ખંધક સૂરિના ૫૦૦ શિષ્યો ઘાણીમાં પિલાય છે.. ગુરુ મ.ના નિર્યામણા સમયના આ શબ્દો છે... શબ્દોમાં એક વિશિષ્ટ ચૈતન્ય શક્તિ છે... સૂતેલા આત્માને જગાડવાની... પુદ્‌ગલપરસ્ત - શરીરના રાગી જીવને વિરાગી

બનાવવાની... ભૌતિક જગતમાં ખોવાયેલા જીવને - અટવાયેલા આત્માને અધ્યાત્મજગતમાં લઈ જવાની અર્થાત્ વિચરણ કરાવવાની.. આ શબ્દોએ સો ટકા રિઝલ્ટ બતાવ્યું.. તમામે તમામને ગજબનાક વેદના વચ્ચેય કેવલજ્ઞાન... બાળ મુનિને પણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ !

• **બીજો બિચાર :** જ્ઞાની - અજ્ઞાની કે મોહાધીન અવસ્થામાં મેં જ આ કર્મો બાંધ્યાં છે.. મારે જ ભોગવવાનાં છે. હસતાં કે રડતાં ભોગવવાનાં જ હોય તો હસતાં હસતાં ભોગવીને હિસાબ ચુક્તે કેમ ન કરી લઉં. નવાં તો નથી જ બાંધવાં...

• **ત્રીજો વિચાર :** મેં - મારા જીવે નરક - તિર્યંચગતિમાં અનંતી વાર, આના કરતાં વિશેષ - જાલિમ કોટિનાં દુઃખો વેઠ્યાં છે, તેની આગળ હાલની વેદના તો કાંઈ જ નથી.

• **ચોથો વિચાર :** ગુનેગાર હું જ, સજા મને જ મળે... મારા ગુનાની સજા બીજો કોણ ભોગવશે ? મારે જ ભોગવવાની છે. જીવ ! સમભાવે ભોગવી લે. હાય - વોય કરીને નવાં ન બાંધીશ મોઢું બગાડીશ તો અર્તધ્યાનના યોગે નવાં કેટલાય જન્મો ચાલે તેવાં - તેટલાં કર્મો બંધાઈ જશે. હાલ થોડી વેદનામાં તારું કામ થઈ જશે.

• **પાંચમો વિચાર :** આપણાં કરતાં વર્તમાન દેખાતી દુનિયામાં ઘણા જીવો; અનેકગણી વેદનાનો શિકાર બનેલા છે. તેટલી પીડા મને તો નથીને ? આ રીતે આત્મસંતોષ માનવો.

• **છટ્ઠો વિચાર :** હાશ, મને જૈનશાસન મળ્યું છે. ઉત્તમ સુદેવ સુગુરુ - સદ્ધર્મ મળ્યા છે. તે સમયે આ અશાતાવેદનીયનો ઉદય આવ્યો છે. જો મને બીજી કોઈ જગ્યાએ - બીજા કોઈ ધર્મમાં કે બીજી કોઈ યોનિમાં જન્મ મળ્યો હોત તો મારી હાલત કેવી હોત ? સારું છેઃ મારો પુણ્યોદય છે.. સમાધિ બક્ષનાર, દુર્ધ્યાનથી બચાવનારાં શાસ્ત્રવચનો- શાસ્ત્રવાક્યો સંભળાવનારાં - કહેનારાં ગુરુ - ગુરુણી અને તેવા સાધર્મિકો મળ્યા છે, જેનાથી હું ધર્મ ધ્યાન ટકાવી શકું છું. તે બધાનો ઉપકાર મારા પર વરસી રહ્યો છે. આવી કૃપાદૃષ્ટિ હંમેશા રહેશો - રાખશો. કેવાં ઉત્તમ - માતા - પિતાના ગૃહે મને જન્મ મળ્યો કે જેને કારણે તેમના ઉત્તમ સંસ્કારો સાથે તત્ત્વત્રયી (દેવ - ગુરુ - ધર્મ) ની પ્રાપ્તિ આદિ સુલભ બન્યું !



• **સાતમો વિચાર :** મારા શરીરમાં રોગનો પગ-પેસારો થયો છે. શરીરનો રોગ મારા અધ્યાત્મને બાધક ન બનવો જોઈએ. મનમાં જો એ રોગનો પ્રવેશ થાય તો જીવ દુર્ધ્યાનના રવાડે ચઢી જાય. મારે મનને શરીરની સાથે નહીં, આત્મા સાથે જોડવાનું છે. મન જો આત્મા સાથે - જિનવચનો સાથે જોડાયું તો આપણી 'જીત' નક્કી છે. રોગ નામના - દુર્ધ્યાન નામના દુશ્મનો સામે લડવા માટે જિનવચનો રૂપી ભરપૂર શસ્ત્રો હાજર છે. એક - એક શસ્ત્ર હજારો દુર્ધ્યાનરૂપી દુશ્મનોનો સફાયો કરવા સક્ષમ છે. પછી મને ચિંતા શેની હોય ? તેવા પ્રકારના વ્યૂહ - પ્લાનિંગથી કામ લેવા માટેની યોજના માત્ર બનાવવાની જરૂર છે.

આવી.. આવી અઢળક વિચારણાઓનો ખજાનો આપણી પાસે જ છે. બહારની દુનિયામાં શોધવા જવાની જરૂર નથી. પુણ્યોદયે આપેલી - ભેટ ધરેલી સામગ્રીનો સદુપયોગ કરવાની ઉત્તમ તક ઝડપી લેવાની છે. આપણી જીત - આઝાદી નિશ્ચિત છે.

છેલ્લે જણાવ્યું કે - મોત આવે તોય ડરવાનું નથી. ડરવાનું માત્ર અસમાધિથી છે. મને અસમાધિ ન આવી જાય તે માટે સતત સાવધાની રાખવાની છે. મોત તો અવશ્ય આવનારી ઘટના છે. અસમાધિ અવશ્ય આવનારી ઘટના નથી. તેને આપણે દૂર કરી શકીએ છીએ.

પૂરા રાવ (દલાલ) પરિવારને ધર્મલાભ જણાવશો. તમારી ભાવના હશે તો અવાર-નવાર આવી પ્રેરણા કરતો રહીશ. શ્રી વિમલનાથ દાદાનાં દર્શનાદિમાં યાદ કરશો. **દ. ભવ્યદર્શન સૂરિના ધર્મલાલ.** ધ

પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શ સૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૩ તેમજ પૂ.સાધ્વીજીશ્રી ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ કોરોનાના કારણે વિહાર કરી શકે તેમ નથી. ચોમાસા પહેલાં કોરોના શાંત થવાની સંભાવના પણ જણાતી નથી. તેથી મહારાષ્ટ્ર - મુંબઈ તરફનો વિહાર મુલત્વી રાખેલ છે. આ વર્ષે ચતુર્માસ બેંગલોરમાં થવાની સંભાવના ગણાય. સ્થળ હવે નિશ્ચિત થશે.

**સંપર્ક માટે : હિતેશ - ૯૪૨૯૦૨૨૦૨૨, W.A. ૬૩૫૧૦૧૦૭૯૦**

# કષ્ટદાયક કલિયુગ

**कालः संप्रति वर्तते कलियुगः सन्तो नरा दुर्लभाः,**

**देशाश्च प्रलयं गताः करभरैर्लोभं गताः पार्थिवाः ।**

**नानाचौरगणा मुषन्ति पृथिवीमार्यो जनः क्षीयते,**

**पुत्रस्यापि न विश्वसन्ति पितरः कष्टं युगं वर्तते ।।**

હાલ કલિયુગ ચાલી રહ્યો છે. એમાં સજ્જન પુરુષો દુર્લભ થતા જાય છે. કેટલાય દેશોનો પ્રલય થયો. રાજાઓ ટેક્ષ(કર)ના લોભી થયા. વિવિધ પ્રકારના ચોરલોકો પૃથ્વીના જીવોને લૂંટતા રહ્યા. આર્ય માનવો નષ્ટ થઈ રહ્યા છે. માતા-પિતા; દીકરાનો પણ વિશ્વાસ કરતા નથી. આ યુગ દુઃખદાયી છે.